Vibrant GUJARAT 2024 | Celebrating 20 Years of Vibrant Gujarat

**Commissionerate of Technical Education, Gujarat State**

# કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ગુજરાત રાજ્ય

છઠ્ઠા માળે, બ્લોક નં. ૨, કર્મયોગી ભવન, સેક્ટર ૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
6th Floor, Block No. 2, Karmayogi Bhavan, Sector 10-A, Gandhinagar-382010
☎ : (079) 23253546 FAX : (079) 23253539
URL : https://dte.gujarat.gov.in | e-mail : dire-dte@gujarat.gov.in, dteguj@gujarat.gov.in

ક્રમાંક : સીટીઈ/સૂ. ન./૨૦૨૩/ક/9340 તા. 18 DEC 2023

*વંચાણે લીધો : સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં વિદ્યાર્થીઓનું વધુમાં વધુ રજીસ્ટ્રેશન કરાવવા બાબતનો શિક્ષણ વિભાગનો તા.૧૩/૧૨/૨૦૨૩નો ઈ-મેલ*

**પરિપત્ર**

ઉક્ત વંચાણે લીધેલ શિક્ષણ વિભાગના ઈ-મેલના અનુસંધાને જણાવવાનું કે ગુજરાત સરકારશ્રી દ્વારા ગુજરાત રાજ્ય યોગ બોર્ડના માધ્યમથી તા.૦૧/૧૨/૨૦૨૩ થી ૦૧/૦૧/૨૦૨૪ સુધી રાજ્યવ્યાપી સૂર્ય નમસ્કાર મહાભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે. જે પૈકી રાજ્યમાં ગ્રામ્ય/શાળા/વોર્ડ કક્ષાએ લઇ જિલ્લા/મહાનગરપાલિકા તથા રાજ્ય કક્ષા સુધી સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આ સ્પર્ધામાં આપની સંસ્થાના વધુને વધુ વિદ્યાર્થીઓ રજીસ્ટ્રેશન કરે અને સ્પર્ધામાં ભાગ લે તે માટેની જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

ઉક્ત બાબતનો રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનો તા.૦૭/૧૨/૨૦૨૩ નો પરિપત્ર આ સાથે સામેલ છે, જે અનુસાર https://snc.gsyb.in/ લિન્ક પર રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

સંયુક્ત નિયામક (એકેડેમિક)

બિડાણ: ઉપર મુજબ

*પ્રતિ,*

૧. *અત્રેની કચેરીના નિયંત્રણ હેઠળની તમા સરકારી પોલીટેકનિકો/કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું*

૨. *રજિસ્ટ્રાર, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ તરફ તેમની સાથે જોડાણ ધરાવતી તમામ ગ્રાન્ટેડ/સ્વ-નિર્ભર કોલેજો/પોલીટેકનિકોને સદર બાબતે જાણ કરવાની વિનંતી સહ*

Azadi Ka Amrit Mahotsav

**રાજય વ્યાપી સૂર્ય નમસ્કાર અભિયાન અંતર્ગત સૂર્ય નમસ્કાર સ્પર્ધા અંગેના આયોજન બાબત**

**ગુજરાત સરકાર**
**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ**
**બ્લોક નં. ૨/૮ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર**
**પરિપત્ર ક્રમાંકઃ ગયબ/સૂર્યનમસ્કાર/સ્પર્ધા/૨૦23**
**તારીખઃ ૦૭/૧૨/૨૦23**

**<u>પરિપત્રઃ</u>**

યોગ એ આપણી ભારતીય સંસ્કૃતિની દેન છે. પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી "યોગ વિદ્યા" ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા સંયુકત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુકત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

જેના ભાગરૂપે ગુજરાત સરકારશ્રી દ્વારા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના તા.૨૧/૦૬/૨૦૧૯ ના ઠરાવથી " ગુજરાત રાજય યોગ બોર્ડ " ની રચના કરવામાં આવેલ છે. યોગ બોર્ડનો હેતુ સમગ્ર ગુજરાતમાં યોગનો વ્યાપ વધે , લોકો યોગ કરતા થાય અને સમગ્ર ગુજરાતમાં યોગ અંગેનો માહોલ ઉભો થાય અને લોકો નિરોગી રહે અને રાજ્યના દરેક નાગરીકને સ્વસ્થ જીવનશૈલી અને નિરોગી જીવન જીવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા યોગના પ્રચાર પ્રસાર અર્થે તેમજ યોગ અંગે જાગૃતિ લાવવા માટે જિલ્લા / મહાનગરપાલિકા / તાલુકા કક્ષાએ યોગ શિબિરો, યોગ સંવાદ, યોગ જાગરણ રેલી, યોગ પે ચર્ચા તેમજ અલગ અલગ યોગના કાર્યક્રમો યોજવામાં આવે છે.જે પૈકી યોગનો પ્રચાર પ્રસાર થાય અને યોગને પ્રોત્સાહન મળે તે માટે આ વર્ષે પ્રથમ વખત સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું આયોજન કરવાનું નકકી કરવામાં આવેલ છે. જેનો હેતુ, વર્ણન અને શરતોની વિગત નીચે મુજબ છે.

**<u>સૂર્ય નમસ્કાર સ્પર્ધાનો ઉદેશઃ</u>**

સૂય નમસ્કાર એ સૂર્યની ઉપાસના માટે છે જેનાથી ઉર્જા અને શકિત મળે છે. સાથે યોગ એ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને લોકોમાં યોગ અંગે જાગૃતિ આવે અને બહોળા પ્રમાણમાં યોગનો પ્રચાર પ્રસાર થાય તેમજ સૂર્ય નમસ્કારમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારને પ્રોત્સાહન મળે તે માટેનો છે.

સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું વર્ણનઃ

સૂર્ય નમસ્કાર સ્પર્ધા ગ્રામ્ય કક્ષાથી શરૂ કરી રાજય કક્ષા સુધી યોજાનાર છે. જે ગ્રામિણ અને શહેરી વિસ્તારમાં અલગ અલગ થનાર છે. સૂર્ય નમસ્કાર સ્પર્ધા એ ચાર તબકકામાં રહેશે. જેમાં સૌ પ્રથમ ગ્રામ્ય અને ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ સ્પર્ધા થશે. જેમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન માટે વય મર્યાદા કેટેગરી વાઇઝ નીચે મુજબ છે. (કટ ઓફ ડેટ તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ)

| ક્રમ | વય મર્યાદા | કેટેગરી |
|---|---|---|
| ૧ | ૦૯ થી ૧૮ વર્ષ | અ- કેટેગરી |
| ૨ | ૧૯ થી ૪૦ વર્ષ | બ-કેટેગરી |
| ૩ | ૪૧ વર્ષથી વધુ | ક-કેટેગરી |

આ સ્પર્ધામાં સૂર્ય નમસ્કાર સૌથી વધુ અને સાચી રીતે કરવાના રહેશે. જે તબકકા વાર નીચે મુજબ છે.

| ક્રમ | કક્ષા વાઇઝ સ્પર્ધા | સ્પર્ધાનો સમયગાળો |
|---|---|---|
| ૧ | ગ્રામ્ય તથા નપા / મનપા વોર્ડ કક્ષા સ્પર્ધા | ૦૫ મિનિટ |
| ૨ | તાલુકા, નગરપાલિકા તથા ઝોન કક્ષા સ્પર્ધા | ૦૮ મિનિટ |
| ૩ | જીલ્લા તથા મહાનગરપાલિકા કક્ષા સ્પર્ધા | ૧૦ મિનિટ |
| ૪ | રાજયકક્ષા સ્પર્ધા | ૧૫ મિનિટ |

ગ્રામ્ય / ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ ભાગ લેવા માટે રજીસ્ટ્રેશન પ્રકિયાઃ

ગ્રામ્ય / ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ ભાગ લેવા માટે સૌ પ્રથમ દરેક સ્પર્ધક પાસેથી ઓનલાઇન લીંકના માધ્યમથી રજીસ્ટ્રેશન કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે. રજીસ્ટ્રેશન વખતે ભાગ લેનાર સ્પર્ધક તેઓની પ્રાથમિક માહિતી એટલે કે નામ, મોબાઇલ નંબર, ગામનું નામ, તાલુકો, વોર્ડ નંબર, જિલ્લાનું નામ પસંદ કરશે. રજીસ્ટ્રેશન કરવા માટેનો સમયગાળો ૦૭ દિવસનો રહેશે. દરેક સ્પર્ધકને મોબાઇલ નંબર / ઈ-મેઇલ આઇ.ડી.ના માધ્યમથી જાણ કરવામાં આવશે. ગ્રામ્ય / ન.પા. અને મનપા વોર્ડ / તાલુકા / નગરપાલિકા / ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકને સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે. ઓનલાઇન રજીસ્ટ્રેશન કરનાર જ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્થળ ઉપર હાજર થનાર યોગ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહી તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઇન રજીસ્ટ્રેશન લીંકઃ https://snc.gsyb.in છે.

રજીસ્ટ્રેશન અંગેનો પાસવર્ડઃ

શાળા / કોલેજ અંગેનો પાસવર્ડ સ્કુલ / કોલેજના જવાબદાર વ્યકિતને આપવાનો રહેશે અને તેમના દ્વારા રજીસ્ટ્રેશનની કામગીરી થાય અને સ્પર્ધા પૂર્ણ થયે વિજેતા અંગેની યાદી અપલોડ કરવાની કામગીરી થાય તે જોવાનું રહેશે.

પસંદગી પ્રક્રિયાઃ

(૧) પ્રથમ તબકકામાં ગ્રામ્ય કક્ષાએ કુલઃ ૦૬ શ્રેષ્ઠ સ્પર્ધક જેમાં વય જુથ મુજબ એક ભાઈ અને એક બહેનની પસંદગી કરવામાં આવશે. અને તે જ રીતે ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ જેમાં વય જુથ મુજબ એક ભાઈ અને એક બહેનની પસંદગી કરવામાં આવશે.

(૨) બીજા તબકકામાં ગ્રામ્ય કક્ષાના વિજેતા ૦૬ સ્પર્ધક અને ન.પા. વોર્ડના વિજેતા ૦૬ સ્પર્ધકએ તાલુકા હેડ કર્વાટર કક્ષાએ સ્પર્ધામાં ભાગ લઈ શકશે. અને તે જ રીતે મનપા વોર્ડ કક્ષાના વિજેતા ૦૬ સ્પર્ધકએ મહાનગરપાલિકા ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે. જેમાં પણ વય જુથ મુજબ એક ભાઈ અને એક બહેનની પસંદગી કરવામાં આવશે.

(૩) ત્રીજા તબકકામાં તાલુકા કક્ષાના વિજેતા ૦૬ સ્પર્ધક અને નગરપાલિકા વોર્ડના ૦૬ સ્પર્ધક કુલઃ ૧૨ સ્પર્ધકએ જિલ્લા કક્ષાએ અને તે જ રીતે મહાનગરપાલિકા ઝોન કક્ષાના વિજેતા ૦૬ સ્પર્ધકએ મહાનગરપાલિકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે. જેમાં કોમન રેન્ક થઈ થશે જેમાં ૦૩ ભાઈઓ અને ૦૩ બહેનો પ્રથમ, દ્વિતિય અને તૃતિય એ રીતે પસંદગી થશે.

(૪) ચોથા તબકકામાં જિલ્લા કક્ષાના વિજેતા ૦૬ સ્પર્ધક રાજય કક્ષાએ અને તે જ રીતે મહાનગરપાલિકા કક્ષાના વિજેતા ૦૬ સ્પર્ધક પણ રાજય કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

ઉપર દર્શાવેલ મુજબ પસંદગી પામેલ સ્પર્ધકોએ જે તે કક્ષા મુજબ થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધામાં હાજર રહેવાનું રહેશે. જેમાં ગ્રામ્ય / વોર્ડ / તાલુકા / નગરપાલિકા / ઝોન કક્ષાએ ભાગ લેનારને સ્વખર્ચે આવવાનું રહેશે. જયારે જિલ્લા / મહાનગરપાલિકા અને રાજય કક્ષાની સ્પર્ધા માટે આવનાર સ્પર્ધકને અને તેમની સાથે આવનાર એક વ્યકિતને ટી.એ. / ડી.એ. આપવામાં આવશે. અન્ય કોઈ સુવિધાઓ આપવામાં આવનાર નથી.

(૧) ગ્રામ્ય કક્ષાએ / ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ પસંદગી કરવા માટે કુલઃ ૦૪ લોકોની ટીમ બનાવવામાં આવશે. જેમાં શાળાના વ્યાયામ શિક્ષક (ન હોય ત્યાં અન્ય શિક્ષક) , ગુજરાત રાજય યોગ બોર્ડના યોગ કોચ / યોગ ટ્રેનર, યોગ સાથે સંકળાયેલ NGOs કે સંસ્થાઓના કોઈ પણ એક સભ્ય અને એક ટેકનીકલ નિષ્ણાંતની ટીમ રહેશે. જે ગ્રામ્ય કક્ષાએ / ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ લેવલે યોજાનાર સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારની પસંદગી કરશે. અને તેઓના નામ ગુજરાત રાજય યોગ બોર્ડને આપશે.

(૨) તાલુકા કક્ષાએ / ઝોન કક્ષાએ પસંદગી કરવા માટે કુલઃ ૦૪ લોકોની ટીમ બનાવવામાં આવશે. જેમાં શાળાના વ્યાયામ શિક્ષક (ન હોય ત્યાં અન્ય શિક્ષક) , ગુજરાત રાજય યોગ બોર્ડના યોગ કોચ/ યોગ ટ્રેનર, યોગ સાથે સંકળાયેલ NGOs કે સંસ્થાઓના કોઈ પણ એક સભ્ય અને એક ટેકનીકલ નિષ્ણાંતની ટીમ રહેશે. જે જિલ્લા કક્ષાએ / મહાનગરપાલિકા કક્ષાએ લેવલે યોજાનાર સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારની પસંદગી કરશે. અને તેઓના નામ ગુજરાત રાજય યોગ બોર્ડને આપશે.

(૩) જિલ્લા કક્ષાએ / મહાનગરપાલિકા કક્ષાએ પસંદગી કરવા માટે કુલઃ ૦૪ લોકોની ટીમ બનાવવામાં આવશે. જેમાં ગુજરાત રાજય યોગ બોર્ડના ઝોન કોર્ડીનેટર, જિલ્લા / મહાનગરપાલિકાના યોગ કોર્ડીનેટર, યોગ સાથે સંકળાયેલ

NGOs કે સંસ્થાઓના કોઇ પણ એક સભ્ય અને એક ટેકનીકલ નિષ્ણાંતની ટીમ રહેશે. જે રાજય લેવલે યોજાનાર સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારની પસંદગી કરશે. અને તેઓના નામ ગુજરાત રાજય યોગ બોર્ડને આપશે.

(૪) રાજય કક્ષાએ પસંદગી કરવા માટે કુલઃ ૦૮ લોકોની ટીમ બનાવવામાં આવશે. જેમાં ગુજરાત રાજય યોગ બોર્ડના સ્ટેટ કોર્ડીનેટર, ઝોન કોર્ડીનેટર, જિલ્લા કોર્ડીનેટર, મહાનગરપાલિકા યોગ કોર્ડીનેટર, યોગ સાથે સંકળાયેલ NGOs કે સંસ્થાઓના કોઇ પણ બે સભ્ય અને બે ટેકનીકલ નિષ્ણાંતની ટીમ રહેશે. જે અગાઉ યોજાયેલ સ્પર્ધામાં રેફરી / જજ તરીકે રહી ચુકયા હોય તેઓની રહેશે. જે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારની પસંદગી કરશે. અને તેઓના નામ ગુજરાત રાજય યોગ બોર્ડને આપશે.

<u>આયોજનઃ</u>

ગ્રામ્ય કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા ગામની કોઇ પણ શાળામાં તેનું આયોજન કરવાનું રહેશે. અને ન.પા. અને મનપા વોર્ડ કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા શહેરી વિસ્તારની કોઇ પણ શાળામાં તેનું આયોજન કરવાનું રહેશે. સ્થળની વિગત જે તે કમિટિના સભ્ય સચિવએ આપવાની રહેશે.

તાલુકા કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા તાલુકાની કોઇ પણ શાળામાં તેનું આયોજન કરવાનું રહેશે. અને ઝોન કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા નગરપાલિકા વિસ્તારની કોઇ પણ શાળામાં તેનું આયોજન કરવાનું રહેશે. સ્થળની વિગત જે તે કમિટિના સભ્ય સચિવએ આપવાની રહેશે.

જિલ્લા કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા જિલ્લાની કોઇ પણ શાળામાં તેનું આયોજન કરવાનું રહેશે. અને મહાનગરપાલિકા કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા મહાનગરપાલિકા વિસ્તારની કોઇ પણ શાળામાં તેનું આયોજન કરવાનું રહેશે. સ્થળની વિગત જે તે કમિટિના સભ્ય સચિવએ આપવાની રહેશે.

રાજય કક્ષાએ આયોજન થનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધા અમદાવાદ ખાતે આયોજન થનાર છે જેના સ્થળની વિગત ગુજરાત રાજય યોગ બોર્ડએ આયોજન કરવાનું રહેશે.

<u>સમયપત્રકઃ</u>

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન | તા.૦૬/૧૨/૨૩ થી તા.૧૫/૧૨/૨૩ |
| ૨ | ગ્રામ્ય તથા નપા / મનપા વોર્ડ કક્ષા સ્પર્ધા | તા.૧૯/૧૨/૨૦૨૩ |
| ૩ | તાલુકા, નગરપાલિકા તથા ઝોન કક્ષા સ્પર્ધા<br>(ગ્રામ્ય / વોર્ડ કક્ષાએથી વિજેતા ખેલાડીઓ માટે) | તા.૨૩/૧૨/૨૦૨૩ |
| ૪ | જીલ્લા તથા મહાનગરપાલિકા કક્ષા સ્પર્ધા<br>(તાલુકા / નગરપાલિકા / ઝોન કક્ષાએથી વિજેતા ખેલાડીઓ માટે) | તા.૨૬/૧૨/૨૦૨૩ |
| ૫ | રાજયકક્ષા સ્પર્ધા<br>( જિલ્લા / મનપા કક્ષાએથી વિજેતા ખેલાડીઓ માટે) | તા.30/૧૨/૨૦૨૩ |

**પ્રચાર પ્રસારઃ**

ગ્રામ્ય / નપા તથા મનપા વોર્ડ લેવલે યોજાનાર સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું બહોળી પ્રમાણમાં પ્રચાર પ્રસાર માટે સોશિયલ મીડીયાના માધ્યમથી તેમજ બેનર, હોર્ડીંગ્સ અને દરેક શૈક્ષણિક સંકુલોમાં / સંસ્થાઓમાં પણ આ બાબતે જાણકારી આપી પ્રચાર પ્રસાર કરવામાં આવનાર છે.

હોર્ડીંગ્સ, બેનર્સ અને બેકડ્રોપની ડીઝાઇન ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા નિયત કરી મોકલવામાં આવશે.

**પ્રોત્સાહનઃ**

ગ્રામ્ય / શાળા / વોર્ડ કક્ષાએ કેટેગરી વાઇઝ વિજેતા જાહેર કરાશે અને તેઓને રોકડ રાશિ ૧૦૧/- રૂપિયા આપવામાં આવનાર છે જેમાં ગ્રામ્ય / શાળા / વોર્ડ કક્ષાએ વિજેતા થશે તેઓને તાલુકા / નગરપાલિકા / ઝોન કક્ષાએ ભાગ લેવા જણાવવામાં આવશે. અને તેમાં વિજેતા થયેલ સ્પર્ધક વય જુથ મુજબ એક ભાઈ અને એક બહેનને પુરસ્કાર રૂપે રૂા. ૧૦૦૦/- રૂપિયા આપવામાં આવશે અને તેમાંથી વિજેતા થશે તેઓને જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ ભાગ લેવાનો રહેશે તથા તેમાંથી વિજેતા થયેલ સ્પર્ધકને રાજય કક્ષાએ ભાગ લેવાની તક મળશે અને અંતિમ રાજય કક્ષાએ ૦૬ લોકો જેમાં ૦૩-ભાઇઓ અને ૦૩-બહેનોની પસંદગી કરવામાં આવશે.

વિજેતા થયેલ ખેલાડીઓને જિલ્લા અને મહાનગરપાલિકા કક્ષાએ પ્રથમ આવનાર પુરૂષ અને પ્રથમ આવનાર સ્ત્રી ઉમેદવારને રૂા. ૨૧,૦૦૦/- દ્રિતિય આવનાર પુરૂષ અને દ્રિતિય આવનાર સ્ત્રી ઉમેદવારને રૂા. ૧૫,૦૦૦/- અને તૃતિય આવનાર પુરૂષ અને તૃતિય આવનાર સ્ત્રી ઉમેદવારને રૂા.૧૧,૦૦૦/- ની રાશિ આપવામાં આવનાર છે. જયારે જિલ્લા અને મહાનગરપાલિકામાંથી વિજેતા થયેલ સ્પર્ધક રાજય કક્ષાએ ભાગ લેનાર છે જેમાં પ્રથમ વિજેતા થયેલ ભાઈ અને બહેનને રૂા. ૨,૫૦,૦૦૦/- , દ્રિતીય ભાઈ અને બહેનને રૂા. ૧,૭૫,૦૦૦/- અને તૃતિય ભાઈ અને બહેનને રૂા. ૧,૦૦,૦૦૦/- રાશિ આપવામાં આવનાર છે.અન્ય જે લોકોએ ભાગ લીધેલ છે તેને પાર્ટીશીપન્ટ કર્યા અંગેનું ડીજીટલ સર્ટીફીકેટ આપવામાં આવશે.

વિજેતાઓને આપવાની થતી રકમ તેઓને રોકડ રકમ ચેક સ્વરૂપે ડી.બી.ટી. માધ્યમથી તેઓના ખાતામાં જમા કરવામાં આવશે અને સાથે પ્રમાણપત્ર આપવામાં આવશે સાથે મેડલ, સોલ વિગેરે આપી સન્માન કરવામાં આવશે એ મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

**ગ્રાંટઃ**

ગ્રામ્ય કક્ષાએ યોજાનાર સ્પર્ધાના આયોજન અને સંકલન માટેની ગ્રાંટ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને ફાળવવામાં આવશે.

તાલુકા અને નગરપાલિકા અને જિલ્લા કક્ષાના કાર્યક્રમ ગ્રાન્ટ સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓને ફાળવવામાં આવશે.

મહાનગરપાલિકા વોર્ડ કક્ષા , ઝોન કક્ષા અને મહાનગરપાલિકા કક્ષાના કાર્યક્રમ માટે ગ્રાન્ટ સંબંધિત મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને ફાળવવામાં આવશે.

આયોજન કમિટિ:

આ સ્પર્ધા સુચારૂ રીતે અને ભવ્ય રીતે સફળતાપૂર્વક યોજાય અને તેમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી ગ્રામ્ય, વોર્ડ, તાલુકા, નગરપાલિકા, ઝોન, જિલ્લા, મહાનગરપાલિકા કક્ષાએ નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવે છે. સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું સમગ્ર આયોજન-સંચાલન જેતે કક્ષાની અમલીકરણ સમિતિ દ્વારા કરવાનું રહેશે.

(૧) મહાનગરપાલિકા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | મ્યુનિસિપલ કમિશનરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | પોલીસ કમિશનરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી | સભ્યશ્રી |
| ૪) | શિક્ષણને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | નાયબ માહિતી નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૭) | મનપા યોગ કોર્ડીનેટર, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૮) | મનપા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

(૨) જિલ્લા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | જિલ્લા પોલીસ વડાશ્રી | સભ્યશ્રી |
| ૪) | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્યશ્રી |
| ૫) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | નાયબ માહિતી નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૮) | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૯) | જિલ્લા યોગ કોર્ડીનેટર, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૧૦) | જિલ્લા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

(૩) તાલુકા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | મામલતદારશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪) | પોલીસ ઈન્સપેકટરશ્રી | સભ્યશ્રી |
| ૫) | તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૭) | તાલુકા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૮) | યોગ કોચ, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૯) | તાલુકા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

(૪) નગરપાલિકા કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | પ્રાંત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | ચીફ ઓફીસરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | પોલીસ ઈન્સપેક્ટરશ્રી | સભ્યશ્રી |
| ૪) | શિક્ષણને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | આરોગ્યને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | બાગ બગીચાને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૮) | યોગ કોચ, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૯) | નગરપાલિકા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

(૫) ઝોન કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | નાયબ પોલીસ કમિશનરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | શાસનાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪) | આરોગ્યને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | બાગ બગીચાને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૭) | યોગ કોચ, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૮) | મનપા વોર્ડ સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

(૬) વોર્ડ કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | વોર્ડ ઈન્સપેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | શહેર પ્રાથમિક / માધ્યમિક શાળાના આચાર્ય | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | શહેર પ્રાથમિક / માધ્યમિક શાળાના વ્યાયામ શિક્ષક | સભ્ય સચિવશ્રી |
| ૪) | યોગ કોચ / ટ્રેનર, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૫) | વોર્ડ સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |
| ૬) | આંગણવાડી વર્કર | સભ્યશ્રી |

(૭) ગ્રામ્ય કક્ષાની સમિતિ:

| અનં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | સરપંચશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | તલાટી કમ મંત્રીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | પ્રાથમિક / માધ્યમિક શાળાના આચાર્ય | સભ્ય સચિવશ્રી |
| ૪) | પ્રાથમિક / માધ્યમિક શાળાના વ્યાયામ શિક્ષક | સભ્યશ્રી |

| | | |
|---|---|---|
| ૫) | યોગ કોચ / ટ્રેનર, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૬) | ગ્રામ્ય સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |
| ૭) | આંગણવાડી વર્કર | સભ્યશ્રી |

કલેકટરશ્રી, મ્યુનિસિપલ કમિશનરશ્રી, પ્રાંત અધિકારીશ્રીએ આ કાર્યક્રમના સફળ અમલીકરણને ધ્યાનમાં રાખી તેઓને યોગ્ય જણાયે તેવા સભ્યોને ઉપરોકત સમિતિઓમાં આમંત્રિત સભ્યો તરીકે બોલાવી શકશે.

જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા, ગામ, શાળા, વોર્ડ વિગેરે તમામ કક્ષાના કાર્યક્રમો માટે નાણાકીય / વહીવટી નિર્ણયો તેમજ કાર્યક્રમનું આયોજન, સુપરવિઝન, મોનીટરીંગ અને અમલીકરણ આ સમિતિ દ્વારા કરવાનું રહેશે. કાર્યક્રમના સફળ અમલીકરણ માટે જરૂરી તમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ મુખ્ય સદર માંગણી ક્રમાંકઃ ૯૮-૨૨૦૪-ખેલકુદ અને યુવક સેવાઓ-૧૦૩- વિદ્યાર્થીઓ સિવાયના યુવક માટે કલ્યાણ કાર્યક્રમ-૦૨-ઈડીએન-૫૨ યુવક કલ્યાણની સંકલિત યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

( કે.એસ.વસાવા )

બીડાણઃ નિયત પત્રકો

સંયુકત સચિવ (સાં.પ્ર)
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ

પ્રતિ,

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
૩. માનનીય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
૪. માનનીય મંત્રીશ્રી (ગૃહ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
૫. માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત રાજય, બ્લોક નં.૧/૫,સચિવાલય,ગાંધીનગર
૬. અધિક મુખ્ય સચિવશ્રી( પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૮, સચિવાલય, ગાંધીનગર
૭. અધિક મુખ્ય સચિવશ્રી( ગૃહ ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૨, સચિવાલય, ગાંધીનગર
૮. અધિક મુખ્ય સચિવશ્રી( મહેસુલ ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૧૧, સચિવાલય, ગાંધીનગર
૯. અધિક મુખ્ય સચિવશ્રી( આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૭, સચિવાલય, ગાંધીનગર
૧૦. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૪, સચિવાલય, ગાંધીનગર
૧૧. અગ્ર સચિવશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫, સચિવાલય, ગાંધીનગર
૧૨. અગ્ર સચિવશ્રી(શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૧૪, સચિવાલય, ગાંધીનગર
૧૩. અગ્ર સચિવશ્રી(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૨/૮, સચિવાલય, ગાંધીનગર

૧૪. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫/૭, સચિવાલય, ગાંધીનગર
૧૫. સચિવશ્રી (માહિતી અને પ્રસારણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૨/૯, સચિવાલય, ગાંધીનગર
૧૭. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૮. સચિવશ્રી, સ્પોર્ટસ ઓર્થોરીટી ઓફ ગુજરાત, રેલ્વે ફાટક પાસે, વાવોલ, ગાંધીનગર
૧૯. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય યોગ બોર્ડ, બ્લોક નં. ૧૯/૩, જુના સચિવાલય, ગાંધીનગર
૨૦. સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી
૨૧. સર્વે નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,
૨૨. સર્વે પોલીસ કમિશનરશ્રી
૨૩. સર્વે જિલ્લા કલેકટરશ્રી( સર્વે સંબધિતોને જાણ કરવાની સુચના સહ)
૨૪. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
૨૫. સર્વે જિલ્લા પોલીસ વડાશ્રી
૨૬. સર્વે મુખ્ય તબીબી અધિકારીશ્રી, સિવિલ
૨૭. સર્વે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૨૮. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
૨૯. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
30. સર્વે નાયબ માહિતી નિયામકશ્રી
3૧. સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
3૨. સર્વે મુખ્ય તબીબી અધિકારીશ્રી
33. સર્વે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી
3૪. સર્વે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી
3૫. સર્વે જિલ્લા રમત ગમત અધિકારીશ્રી
3૬. સર્વે જિલ્લા /મનપા યુવા સંયોજક, યુવા બોર્ડ, ગાંધીનગર
3૭. સર્વે જિલ્લા / મનપા યોગ કોર્ડીનેટર, યોગ બોર્ડ, ગાંધીનગર
3૮. સિલેકટ ફાઈલ

## પત્રક-અ

**સૂર્ય નમસ્કાર સ્પર્ધા તમામ કક્ષા ના રોકડ પુરસ્કારની રકમ ની વિગત દર્શાવતું પત્રક**

| કક્ષા | કેટેગરી | વિજેતા સ્પર્ધકોની સંખ્યા | પ્રતિ વિજેતા ઇનામ ની રકમ રૂ. | ઇનામ ની રકમ રૂ. | કુલ ઇનામ ની રકમ રૂ. | કુલ ગામો/તાલુકા/ ન.પા./જિલ્લા/ મ.ન.પા. ની સંખ્યા | કુલ ફાળવવા ની રકમ ઇનામ ની રકમ રુ. |
|---|---|---|---|---|---|---|---|
| ગ્રામ્ય/ શાળા કક્ષા સ્પર્ધા | 9 to 18 Year 1st Winner Boys/Girls | 2 | 100 | 200 | 600 | 18000 | 1,08,00,000 |
| | 19 to 40 Year 1st Winner Male/Female | 2 | 100 | 200 | | | |
| | 41 Above 1st Winner Male/Female | 2 | 100 | 200 | | | |
| વોર્ડ કક્ષા સ્પર્ધા | 9 to 18 Year 1st Winner Boys/Girls | 2 | 100 | 200 | **600** | 1752 | 10,51,200 |
| | 19 to 40 Year 1st Winner Male/Female | 2 | 100 | 200 | | | |
| | 41 Above 1st Winner Male/Female | 2 | 100 | 200 | | | |
| તાલુકા કક્ષા સ્પર્ધા | 9 to 18 Year 1st Winner Boys/Girls | 2 | 1000 | 2000 | **6000** | 250 | 15,00,000 |
| | 19 to 40 Year 1st Winner Male/Female | 2 | 1000 | 2000 | | | |
| | 41 Above 1st Winner Male/Female | 2 | 1000 | 2000 | | | |
| નગરપાલિકા કક્ષા સ્પર્ધા | 9 to 18 Year 1st Winner Boys/Girls | 2 | 1000 | 2000 | **6000** | 156 | 9,36,000 |
| | 19 to 40 Year 1st Winner Male/Female | 2 | 1000 | 2000 | | | |
| | 41 Above 1st Winner Male/Female | 2 | 1000 | 2000 | | | |

| કક્ષા | કેટેગરી | વિજેતા સ્પર્ધકોની સંખ્યા | પ્રતિ વિજેતા ઇનામ ની રકમ રૂ. | ઇનામ ની રકમ રૂ. | કુલ ઇનામ ની રકમ રૂ. | કુલ ગામો/તાલુકા/ ન.પા./જિલ્લા/ મ.ન.પા. ની સંખ્યા | કુલ ફાળવવા ની રકમ ઇનામ ની રકમ રુ. |
|---|---|---|---|---|---|---|---|
| મ.ન.પા. ઝોન સ્પર્ધા | 9 to 18 Year 1st Winner Boys/Girls | 2 | 1000 | 2000 | **6000** | 30 | 1,80,000 |
| | 19 to 40 Year 1st Winner Male/Female | 2 | 1000 | 2000 | | | |
| | 41 Above 1st Winner Male/Female | 2 | 1000 | 2000 | | | |
| જિલ્લા કક્ષા સ્પર્ધા | 1st Winner Boys/Girls | 2 | 21000 | 42000 | **94000** | 33 | 31,02,000 |
| | 2nd Winner Boys/Girls | 2 | 15000 | 30000 | | | |
| | 3rd Winner Boys/Girls | 2 | 11000 | 22000 | | | |
| મ.ન.પા. કક્ષા સ્પર્ધા | 1st Winner Boys/Girls | 2 | 21000 | 42000 | 94000 | 8 | 7,52,000 |
| | 2nd Winner Boys/Girls | 2 | 15000 | 30000 | | | |
| | 3rd Winner Boys/Girls | 2 | 11000 | 22000 | | | |
| રાજ્ય કક્ષા સ્પર્ધા | 1st Winner Boys/Girls | 2 | 250000 | 500000 | 1050000 | 1 | 1050000 |
| | 2nd Winner Boys/Girls | 2 | 175000 | 350000 | | | |
| | 3rd Winner Boys/Girls | 2 | 100000 | 200000 | | | |
| | | | | | | | **1,93,71,200** |

## પત્રક-બ

## સૂર્ય નમસ્કાર સ્પર્ધા તમામ કક્ષાના નિર્ણાયકો/ વ્યવસ્થાપકો ને માનદ વેતન રકમ ની વિગત દર્શાવતું પત્રક

| કક્ષા | નિર્ણાયકો ની સંખ્યા | નિર્ણાયકો ને માનદ વેતન | નિર્ણાયકો ને કુલ રકમ રુ. | વ્યવસ્થાપકો ની સંખ્યા | વ્યવસ્થાપકો ને માનદ વેતન | વ્યવસ્થાપકો ને કુલ રકમ રુ. | નિર્ણાયકો/ વ્યવસ્થાપકો ને કુલ રકમ રુ. | કુલ ગામો/તાલુકા/ન.પા./જિલ્લા/મ.ન.પા. ની સંખ્યા | કુલ ફાળવવા ની રકમ ઇનામ ની રકમ રુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| | | | | | | | (4+7) | | (8x9) |
| ગ્રામ્ય/ શાળા કક્ષા સ્પર્ધા | 1 | 250 | 250 | 1 | 150 | 150 | 400 | 18000 | 72,00,000 |
| વોર્ડ કક્ષા સ્પર્ધા | 1 | 250 | 250 | 1 | 150 | 150 | 400 | 1752 | 7,00,800 |
| તાલુકા કક્ષા સ્પર્ધા | 3 | 500 | 1500 | 2 | 200 | 400 | 1900 | 250 | 4,75,000 |
| નગરપાલિકા કક્ષા સ્પર્ધા | 3 | 500 | 1500 | 2 | 200 | 400 | 1900 | 156 | 2,96,400 |
| મ.ન.પા. ઝોન સ્પર્ધા | 3 | 500 | 1500 | 2 | 200 | 400 | 1900 | 30 | 57,000 |
| જિલ્લા કક્ષા સ્પર્ધા | 5 | 750 | 3750 | 5 | 300 | 1500 | 5250 | 33 | 1,73,250 |
| મ.ન.પા. કક્ષા સ્પર્ધા | 5 | 750 | 3750 | 5 | 300 | 1500 | 5250 | 8 | 42,000 |
| રાજ્ય કક્ષા સ્પર્ધા | 5 | 1200 | 6000 | 5 | 400 | 2000 | 8000 | 1 | 8000 |

## પત્રક- ક

## સૂર્ય નમસ્કાર સ્પર્ધા તમામ કક્ષા ના બેનર્સ,ટેબલ-ખુરશી,ઝેરોક્ષ વગેરે આનુસાંગીક ખર્ચ ની વિગત

| કક્ષા | બેનર્સ,ઝેરોક્ષ વગેરે આનુસાંગીક ખર્ચ | કુલ ગામો/તાલુકા/ન.પા./ જિલ્લા/મ.ન.પા. ની સંખ્યા | કુલ ફાળવવા ની રકમ રુ. |
|---|---|---|---|
| ગ્રામ્ય/ શાળા કક્ષા સ્પર્ધા | 500 | 18000 | 90,00,000 |
| વોર્ડ કક્ષા સ્પર્ધા | 500 | 1752 | 8,76,000 |
| તાલુકા કક્ષા સ્પર્ધા | 10000 | 250 | 25,00,000 |
| નગરપાલિકા કક્ષા સ્પર્ધા | 10000 | 157 | 15,70,000 |
| મ.ન.પા. ઝોન સ્પર્ધા | 10000 | 30 | 3,00,000 |
| જિલ્લા કક્ષા સ્પર્ધા | 50000 | 33 | 16,50,000 |
| મ.ન.પા. કક્ષા સ્પર્ધા | 50000 | 8 | 4,00,000 |
| રાજ્ય કક્ષા સ્પર્ધા | 1000000 | 1 | 1000000 |